**સી.એમ.એ. નં.૭૨/૨૦૨૬**

**આંકઃ ૧ નીચે હુકમઃ**

(૧) સદર કામના અરજદારો તરફે સી.પી.સી.ની કલમ– ૨૪ અન્વયે હાલની અરજી કરી તેઓએ દાખલ કરેલ દી.મુ.નં.૩૩૭/૨૦૧૯, ૧૮૩/૨૦૨૦ તથા દી.મુ.નં.૫૪૩/૨૦૨૫ કે જે આણંદની અલગ અલગ ત્રણ સિવિલ કોર્ટોમાં પેન્ડીંગ છે તે ત્રણેય દાવાઓ કોઈ પણ એક કોર્ટમાં ટ્રાન્સફર કરવા અરજ ગુજારેલ છે.

(૨) અરજદારની અરજીની વિગત એવી છે કે, ત્રણેય દાવાના વાદીઓ એક જ છે અને દરેક દાવાના પ્રતિવાદી નં.૧ થી ૬ સરખા છે અને ભુમાફિયાઓ દી.મુ.નં.૩૩૭/૨૯૧૯ ના પ્રતિવાદી નં.૭ તથા દી.મુ. નં.૧૮૩/૨૦૨૦ ના પ્રતિવાદી નં.૭ અને ૮ રાજરમત રમી અલગ અલગ વેચાણ દસ્તાવેજ ઉભા કરેલા છે જેથી ત્રણેય દાવાઓ એક જ અદાલતમાં ભેગા કરવામાં આવે અને એકસાથે ચલાવવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે. આ ત્રણેય દાવા ભેગા કરવાથી અને એકસાથે ચલાવવાથી સામાવાળાઓને કોઈ પણ રીતે નુકસાન થનાર નથી, જ્યારે જો દાવા ભેગા કરવામાં ન આવે તો અરજદારોને ખૂબ જ મોટું નુકસાન થાય તેમ છે. ત્રણેય દાવા ભેગા કરવાથી અને એકસાથે ચલાવવાથી કોર્ટનો સમય પણ બચી શકે તેમ છે. ત્રણેય દાવાની વિષયવસ્તુ, દાદ તથા એક જ જમાનને લગતા હોય ભેગા કરી સાથે ચલાવવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે જેથી ત્રણેય દાવા કોઈ પણ એક કોર્ટમાં ટ્રાન્સફર કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) સામાવાળાઓને નોટિસ બજતા સામાવાળા નં.૬(૧) તથા ૭ અને ૮ તેઓના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલા છે જ્યારે અન્ય સામાવાળાઓને નોટિસ બજવા છતાં હાજર રહેલા નથી. સામાવાળાઓ તરફે સદર અરજી સા દી.મુ.નં.૫૪૩/૨૦૨૫ મે કોઈ જવાબ કે વાંધો કે જવાબ રજૂ રાખેલ નથી.

(૪) અરજી વંચાણે લીધી. અરજી સાથે આંકઃ ૩ ના લિસ્ટથી રજૂ રાખેલ દસ્તાવેજો ધ્યાને લીધા. અરજદારના વિદ્વાન વકીલશ્રીને સાંભળ્યા. સી.પી.સી.ની કલમ– ૨૪ ની જોગવાઈને ધ્યાને લીધી. ટ્રાન્સફરની અરજી સામે સામાવાળાઓ તરફે કોઈ વાંધો લીધેલ નથી. ત્રણેય

દાવાઓની વિષયવસ્તુ એક જ હોઈ તેમજ મોટાભાગના પક્ષકારો પણ એક સમાન હોઈ તમામ દાવા એક જ કોર્ટમાં ભેગા કરવાથી પક્ષકારોની સગવડતા જળવાય તેમ છે તેમજ ન્યાયિક નિર્ણય કરવામાં સરળતા રહે, પરંતુ ત્રણેય દાવાઓ જુદી જુદી કોર્ટમાં પેન્ડીંગ છે જેથી વહીવટી કારણસર એક જ સ્ટેશનની એક જ કોર્ટમાં અને પક્ષકારોની સગવડતા ખાતર ત્રણેય દાવા એક કોર્ટમાં ટ્રાન્સફર કરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે. હાલના કેસમાં કોઈ પણ જજ સામે તેઓનું મનોબળ તોડી પાડવા માટે કે ન્યાયતંત્રને નબળું પાડવા માટે કોઈ આક્ષેપ કરેલા હોય અને કેસ ફેરબદલી કરવા માટેની અરજી કરેલ હોય તેવું નથી. વળી ત્રણેય કેસો એક જ કોર્ટમાં ચાલે તો કોઈ પક્ષકારને નુકસાન જાય તેમ હોવાનું જણાતું નથી અને આમ ફેરબદલીનું યોગ્ય અને વ્યાજબી કારણ જણાઈ આવતું હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-/ હુ ક મ /-</u>**

(૧) અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) દી.મુ. નં.૧૮૩/૨૦૨૦ કે જે આણંદના વિ.એડિશનલ સિનિયર સિવિલ જજશ્રીની કોર્ટમાં પેન્ડીંગ છે તે તથા દી.મુ. નં.૫૪૩/૨૦૨૫ કે જે આણંદના વિ.એડિશનલ સિવિલ જજશ્રીની કોર્ટમાં પેન્ડીંગ છે તે બંને દાવા આણંદના વિ.બીજા એડિશનલ સિનિયર સિવિલ જજશ્રીની કોર્ટમાં કે જ્યાં દી.મુ. નં.૩૩૭/૨૦૧૯ પેન્ડીંગ છે તે કોર્ટમાં ટ્રાન્સફર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદરહુ હુકમની સંબંધિત અદાલતોને જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખઃ ૩૧ માહેઃ ઑગષ્ટ સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

આણંદ.

તા.૩૧-૦૮-૨૦૨૬.

**( પ્રશાંત જૈન )**
મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ
આણંદ.
(UIC No.GJ 01507)

IBRaval-E.A.